સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

બહુ સારો સ્વભાવ પણ સારો નહિ કેમ કે, પછી એ નથી સમજાતું કે તમારી કદર થઈ રહી છે કે ઉપયોગ!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૮૬ ● તારીખઃ ૦૬.૦૬.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## પીએમ મોદીની સુરત મુલાકાતઃ દક્ષિણ ગુજરાતને રૂ. ૧૮,૭૭૮ કરોડના વિકાસ કાર્યોની ભેટ અને સ્વચ્છતાના વખાણ







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતની મુલાકાત લઈને દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓ માટે રૂ. ૧૮,૭૭૮ કરોડના ખર્ચે ૨૪ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે હજીરા સ્થિત ક્ક પ્લાન્ટમાં 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ સંરક્ષણ અને ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું, અને જાહેર સભામાં ''વિકસિત ગુજરાત, વિકસિત ભારત''નો સંકલ્પ દોહરાવતા સુરતની જન-ભાગીદારી વાળી સફાઈ ઝુંબેશની મુક્તમને પ્રશંસા કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પર્યાવરણીય પડકારોને અવસરમાં બદલવાના ગુજરાતના અગ્રેસર પ્રયાસો અને દેશની પ્રથમ સોલાર નીતિઓનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનના વૈશ્વિક નેતૃત્વ પર ગૌરવ વ્યક્ત કર્યું હતું.

# પીએમ મોદીની સુરત મુલાકાતઃ દક્ષિણ ગુજરાતને રૂ. ૧૮,૭૭૮ કરોડના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

### વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને સુરતની સ્વચ્છતાના કર્યા વખાણઃ કલાયમેટ ચેન્જને અવસરમાં બદલતું ગુજરાતઃ પ્રકૃતિ સાથે પ્રગતિનો મંત્ર

**સમય સંદેશઃ સુરત**

વિશ્વ પર્યાવરણ દિવસના વિશેષ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતની મુલાકાત લઈ દક્ષિણ ગુજરાતના વિકાસને એક નવી ઊંચાઈ આપી છે. વડાપ્રધાન સુરત એરપોર્ટથી સીધા હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો પ્લાન્ટ પહોંચ્યા હતા, જ્યાં તેમણે 'મેક ઇન ઇન્ડિયા' અભિયાન હેઠળ દેશની આત્મનિર્ભરતા અને સંરક્ષણ ક્ષમતાને મજબૂત કરતા અદ્યતન સંરક્ષણ અને ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે સુરતના ઇન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત મેગા જાહેર કાર્યક્રમમાં હાજરી આપી હતી.

જ્યાંથી ડિજિટલ માધ્યમ દ્વારા સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના ૭ જિલ્લાઓ માટે અંદાજીત રૂ. ૧૮,૭૭૮ કરોડના ખર્ચે સાકાર થનારા ૮ જુદા જુદા વિભાગોના કુલ ૨૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને જનતાને અદભુત ભેટ ધરી હતી. આ કુલ પ્રકલ્પોમાં રૂ. ૧૩,૯૨૬ કરોડના કાર્યોનું લોકાર્પણ અને રૂ. ૪,૮૫૨ કરોડના ૫ કાર્યોનું ખાતમુહૂર્ત સામેલ છે. ઇન્ડોર સ્ટેડિયમ ખાતે એકત્રિત થયેલી વિશાળ જનમેદનીને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ગુજરાત, વિકસિત ભારતના વિઝનને દોહરાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ગુજરાતની જનતાએ હંમેશા સેવા અને અવિરત વિકાસના મિશનને અભૂતપૂર્વ સમર્થન આપ્યું છે, અને હવે આપણે વધુ પરિશ્રમ કરીને આ વિકાસયાત્રાને નવી ગતિ આપવાની છે.

આ તકે પીએમ મોદીએ સુરત શહેરમાં તાજેતરમાં ચલાવવામાં આવેલી પાંચ દિવસીય જન-ભાગીદારી વાળી સફાઈ ઝુંબેશની મુક્તમને પ્રશંસા કરી હતી, જેમાં આશરે એક લાખ લોકો જોડાયા હતા. તેમણે ભૂતકાળને યાદ કરતા કહ્યું કે, એક સમય હતો જ્યારે સુરત પ્લેગની મહામારીનો ભોગ બન્યું હતું અને આજે પોતાની સખત મહેનતના બળે સ્વચ્છતાના ક્ષેત્રમાં સમગ્ર દેશમાં પોતાનો ડંકો વગાડી રહ્યું છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના વૈશ્વિક

અનુ પાના નં.૨ પર

## પીએમ મોદીએ સુરત મુલાકાત દરમિયાન વિપક્ષ પર કર્યા આકરા પ્રહારો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસ દરમિયાન સુરતમાં રોડ, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્રોના ₹૧૮,૮૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું છે, જેમાં સુરતની પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે તાપી બેરેજ પ્રોજેક્ટને મંજૂરીનો પણ સમાવેશ થાય છે. જાહેર સભાને સંબોધતા પીએમ મોદીએ ''ઇકોનોમી પણ અને પર્યાવરણ પણ'' ના મંત્ર સાથે પ્રકૃતિ સાથે પ્રગતિ પર ભાર મૂક્યો હતો, તેમજ વૈશ્વિક ઉર્જા કટોકટી અને યુદ્ધો વચ્ચે પણ ભારત મજબૂતાઈથી આગળ વધી રહ્યું હોવાનું જણાવ્યું હતું. આ સાથે જ તેમણે આત્મનિર્ભર ભારત અભિયાનની મજાક ઉડાવનારા નિરાશાવાદીઓ અને દેશમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરતી કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, જનતાએ હિમાચલ પ્રદેશ, હરિયાણા અને કર્ણાટક જેવા રાજ્યોમાં કુશાસન તેમજ નકારાત્મકતાની રાજનીતિને વારંવાર નકારીને યોગ્ય જવાબ આપ્યો છે.

# વડાપ્રધાનના આગમન અને પર્યાવરણ દિને સુરતમાં અનોખી-અનુકરણિય પહેલ

### ઈંધણ બચતના સંદેશ સાથે ભવ્ય સાયકલ રેલી યોજાઈઃ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ધારાસભ્યો સહિત હજારો નાગરિકો સાયકલ સવાર બની રેલીમાં જોડાયા

**સમય સંદેશઃ સુરત**




વિશ્વ પર્યાવરણ દિવસના પાવન અવસરે સુરતના આંગણે પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર .ઊંડને આવકારવા માટે શહેરમાં એક પ્રેરણાદાયી અને અનોખી પહેલ કરવામાં આવી હતી. મધ્ય-પૂર્વના દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે સર્જાયેલી ક્રૂડ ઓઇલ અને ઉર્જા કટોકટી સામે જનજાગૃતિ લાવવા માટે વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા ઇંધણ બચતના આહ્વાનને સુરતવાસીઓએ ઉપાડી લીધું હતું. આ બેવડા અવસરને યાદગાર બનાવવાના હેતુથી શહેરમાં એક વિશાળ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે સમગ્ર શહેરમાં પર્યાવરણ અને ઉર્જા સંરક્ષણનો મજબૂત સંદેશ આપ્યો હતો.

પર્યાવરણ સંરક્ષણ અને ફિટનેસના આ મહાઅભિયાનમાં રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી, ધારાસભ્ય સંદીપ દેસાઈ સહિતના અનેક સ્થાનિક જનપ્રતિનિધિઓ અને અગ્રણીઓ પ્રેરણાદાયી

અનુ પાના નં.૨ પર

# દિલ્હીમાં હોટેલ બાદ બિહારમાં હોસ્પિટલમાં ભીષણ અગ્નિકાંડ, ૧૦થી વધુ દર્દીના મોતની આશંકા

**સમય સંદેશઃ પટના**

તાજેતરમાં દિલ્હીમાં એક હોટેલમાં અગ્નિકાંડમાં ૨૧ લોકોના મોત બાદ ગઈકાલે બિહારના મુઝફ્ફરપુરમાં સવારે એક ખાનગી હોસ્પિટલમાં લાગેલી ભીષણ આગને કારણે મોટી હોનારત સર્જાઈ છે. શહેરના બ્રહ્મપુરા વિસ્તારમાં આવેલા 'પ્રસાદ હોસ્પિટલ'ના આઈસીયુ વિભાગમાં અચાનક આગ ફાટી નીકળતા ચારેતરફ અફરાતફરી મચી ગઈ હતી.

આ દુર્ઘટનામાં ગૂંગળામણ અને દાઝી જવાને કારણે અત્યાર સુધીમાં ૪ દર્દીઓના મોતની સત્તાવાર પુષ્ટિ જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે, જ્યારે સ્થાનિક સૂત્રો અને ચર્ચાઓ મુજબ મૃત્યુઆંક ૧૦ સુધી પહોંચવાની આશંકા છે. અનેક દર્દીઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના ગુરુવારે વહેલી સવારે આશરે ૩:૨૦ વાગ્યે ઘટી હતી. હોસ્પિટલના ચોથા માળે આવેલા ICUમાં સંભવિત શોર્ટ સર્કિટને કારણે વેન્ટિલેટર અને અન્ય તબીબી ઉપકરણોમાં ધડાકા સાથે આગ લાગી હતી. આગ લાગતાની સાથે જ સમગ્ર ICUમાં ઝેરી

અનુ પાના નં.૨ પર

# 'અમે હિન્દૂ રાષ્ટ્ર બનાવવાની વાતો કરીએ છીએ', રાજકોટમાં બાગેશ્વર બાબાએ ટીકાકારોને આપ્યો જવાબ

**સમય સંદેશઃ રાજકોટ**



મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં આવેલ બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી હંમેશા ચર્ચામાં રહે છે. બાગેશ્વર ધામ સરકારથી ઓળખાતા કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે. રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસીય હનુમાન કથા અને ભવ્ય 'દિવ્ય દરબાર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આજથી શરૂ થઈને આગામી ત્રણ દિવસ સુધી દરરોજ સાંજે ૭ વાગ્યાથી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ચાલશે. ધીરેન્દ્ર શાસ્ત્રીનું કહેવું છે દરેક જગ્યાએ માતા સીતા કરતા પણ વધુ અમારી પરીક્ષા લેવાઈ રહી છે. અમે હિન્દૂ રાષ્ટ્ર બનાવવાની અને ધર્માંતરણ અટકાવવાની વાત કરીએ છીએ. અમારા પર ટિપ્પણી કરવાવાળાઓને પણ અમે થેન્ક યું કહેશું. તેમણે વધુમાં કહ્યુ કે ક્યારેક એ લોકો ઉપર પણ ટિપ્પણી કરો કે જેઓ દેશમાં લવ જેહાદ ફેલાવવા માંગે છે.

બીજી તરફ બાબા બાગેશ્વરના રાજકોટ

અનુ પાના નં.૨ પર

# શ્રીનાથગઢ-મોવિયા રોડ પર ભયાનક અકસ્માતઃ અમિત ખુંટ કેસ સાથે સંકળાયેલ પૂજા રાજગોરનું કરુણ મોત

### ગોંડલ તાલુકા પોલીસ ઘટનાસ્થળેઃ ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા અને તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ ગોંડલ**




શ્રીનાથગઢ-મોવિયા રોડ વચ્ચે શુક્રવારે વહેલી સવારે એક અત્યંત ગંભીર અને હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અમિત ખુંટ કેસ સાથે સંકળાયેલી પૂજા રાજગોરનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. પ્રાથમિક વિગતો મુજબ, પૂજા રાજગોર પોતાના પરિવાર સાથે સાસણથી પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન તેમની કાર અચાનક કાબૂ બહાર ગઈ હતી અને રસ્તાની બાજુમાં આવેલા એક ઘટાદાર વૃક્ષ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના આગળના ભાગના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા, જેમાં પૂજાએ જીવ ગુમાવ્યો હતો જ્યારે કારમાં સવાર પાંચ વર્ષની બાળકી સહિત અન્ય ચાર લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ગોંડલ તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમના સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સાથે જ પોલીસે મૃતક પૂજા રાજગોરના

અનુ પાના નં.૨ પર

# રાજ્ય સરકારની મોટી જાહેરાતઃ ગુજરાતમાં સેડોની ખરીદી પર ખેડૂતોને મળશે સબસિડી

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતના કૃષિ ક્ષેત્ર અને જગતના તાત ગણાતા ખેડૂતો માટે રાજ્ય સરકાર તરફથી એક અત્યંત આનંદના અને મોટા સમાચાર સામે આવ્યા છે. ખેતીકામને વધુ સરળ, આધુનિક અને આર્થિક રીતે પોષાય તેવું બનાવવા માટે સરકારે એક મહત્વપૂર્ણ કલ્યાણકારી યોજનાની જાહેરાત કરી છે. ગુજરાતના નાના અને મધ્યમ વર્ગના ખેડૂતોમાં ખેતીના વિવિધ કામો માટે ભારે લોકપ્રિય એવા મિની ટ્રેક્ટર એટલે કે 'સનેડો'ની ખરીદી પર હવે રાજ્ય સરકાર દ્વારા બમ્પર સબસિડી આપવામાં આવશે.

રાજ્યના ખેડૂતોના હિતમાં લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણયની સત્તાવાર જાહેરાત રાજ્ય કક્ષાના મંત્રી કૌશિક વેકરીયા દ્વારા કરવામાં આવી છે. મંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી જિલ્લાના પ્રખ્યાત ચીતલ ગામમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ખેડૂતોની આવક બમણી કરવા અને તેમને આર્થિક રીતે પગભર કરવા માટે સતત કટિબદ્ધ છે, જેના ભાગરૂપે જ આ સબસિડી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ જાહેરાત થતાંની સાથે જ અમરેલી સહિત સમગ્ર રાજ્યના ખેડૂત આલમમાં ખુશીની લહેર દોડી ગઈ છે. મહિલા ખેડૂતો માટે વિશેષ પ્રોત્સાહનઃ કૃષિ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવા અને મહિલા સશક્તિકરણને વેગ આપવાના ઉદ્દેશ્યથી સરકારે આ યોજનામાં વિશેષ જોગવાઈ કરી છે. જો કોઈ પણ સનેડો પરિવારની મહિલા ખેડૂતના નામે ખરીદવામાં આવશે,

અનુ પાના નં.૨ પર

# વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝનું જામનગરમાં આગમનઃ મહાનુભાવો દ્વારા ભાવભીનું સ્વાગત

### રાષ્ટ્રપતિશ્રી દ્વારા ''વિશ્વ પર્યાવરણ દિન'' નિમિતે જામનગર આર.ટી.ઓ. ખાતે વૃક્ષારોપણ કરાયું



તસવીરઃ હિરેન ગાંધી




**સમય સંદેશઃ જામનગર**

બોલિવેરિયન રિપબ્લિક ઓફ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ મહામહિમ ડેલ્સી રોડ્રિગ્ઝ જામનગરની મુલાકાતે પધાર્યા છે, ત્યારે તેઓનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થતાં મહાનુભાવોએ ઉષ્માભેર તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિશ્રીના સ્વાગતમાં જામનગરના મેયરશ્રી

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..


### ચહેરા જૂદા-જૂદા, પરિણામ એક જ !!

રાહુલ ગાંધીના રાજીનામા પછી મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષ તરીકે પસંદગી પણ કોંગ્રેસના આંતરિક સ્વભાવને સમજવામાં મદદ કરે છે. એક તરફ તે કોંગ્રેસના સદી જૂના સંગઠનના સ્વભાવને દર્શાવે છે, જ્યાં વરિષ્ઠ નેતાઓ હજુ પણ કેન્દ્રસ્થાને રહે છે. બીજી તરફ, તે નહેરુ-ગાંધી પરિવારની બહારથી એક રાષ્ટ્રીય અધ્યક્ષ પસંદ કરવાની કોશિશ પણ હતી. કોંગ્રેસ માટે આ એક સંકેત હતો કે પાર્ટી પરિવારકેન્દ્રિત છબીને થોડું વિસ્તૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભાજપના સતત વધતા વર્ચસ્વને જોતા કોંગ્રેસ માટે દક્ષિણ ભારત પર વધારે ભાર મૂકવો એક સમજદારીભર્યો અને વાસ્તવવાદી નિર્ણય લાગે છે. ૧૯૭૭ની ચૂંટણીમાં ઉત્તર ભારતમાં કોંગ્રેસનો સફાયો થયા પછી પણ દક્ષિણ ભારતે તેને સંપૂર્ણપણે છોડ્યું નહોતું. ઐતિહાસિક રીતે પણ દક્ષિણ કોંગ્રેસ માટે વધુ સહાનુભૂતિપૂર્ણ ભૂમિ રહ્યું છે. બીજી તરફ, ભાજપે દાયકાઓના પ્રયાસો છતાં દક્ષિણમાં સર્વવ્યાપક પ્રભુત્વ સ્થાપિત કર્યું નથી. હકીકતમાં દક્ષિણ ભારતમાં માત્ર ૧૩૧ લોકસભા બેઠકો છે, જે કેન્દ્રની સત્તા માટે પૂરતી નથી, પરંતુ રાજકીય પુનર્જીવન માટે મજબૂત આધાર બની શકે છે. કોંગ્રેસ કદાચ એ સમજી રહી છે કે સમગ્ર દેશમાં એકસાથે પુનઃસ્થાપિત થવા કરતાં કેટલાક વિસ્તારોમાં મજબૂત ગઢ ઊભો કરવો વધુ વ્યવહારુ માર્ગ છે. તેથી જ ખડગે જેવા દક્ષિણ ભારતીય નેતા પર દાવ લગાવવો અને દક્ષિણમાં સંગઠનને વધુ મજબૂત બનાવવું લાંબા ગાળાની વ્યૂહરચનાનો ભાગ લાગે છે. આ રણનીતિ માત્ર રક્ષણાત્મક નથી, પરંતુ વિસ્તરણવાદી પણ છે. તમિલનાડુમાં કોંગ્રેસ તેના સાથીદારોના બળ પર સારો દેખાવ કરવાની આશા રાખે છે. જો તે વિજયની પાર્ટી, ટીવીકે જેવી નવી રાજકીય શક્તિઓ સાથે સમીકરણ બનાવવામાં સફળ થાય, તો તેને વધારાની બેઠકો મળી શકે છે. આંધ્રપ્રદેશમાં પણ તે નવી રાજકીય સંભાવનાઓ શોધી રહી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન રેડ્ડીની પાર્ટી સાથે સંબંધો સુધારવાના પ્રયાસો એ જ દિશામાં છે. રસપ્રદ રીતે, જગનની બહેન શર્મિલા ત્યાં કોંગ્રેસનું નેતૃત્વ કરે છે, જે ભવિષ્યના સમીકરણો માટે એક અનોખી પરિસ્થિતિ ઊભી કરે છે. પરંતુ કોંગ્રેસ માટે સૌથી મોટો પ્રશ્ન હજુ પણ નેતૃત્વની મર્યાદાઓનો છે. ૨૦14 પછી સતત પરાજયનો સામનો કરનાર પાર્ટીમાં હાઈકમાન્ડનો પ્રભાવ સ્વાભાવિક રીતે નબળો પડ્યો છે. એક સમય હતો જ્યારે દિલ્હીમાંથી લેવાયેલા નિર્ણયો રાજ્યોમાં વિવાદ વગર સ્વીકારાતા. આજે સ્થિતિ અલગ છે.





# હાલારના હાલહવાલ


## ખંભાળિયામાં ગેરકાયદેસર દબાણ પર બુલડોઝર ફર્યુંઃ લાખોની જમીન ખુલ્લી





**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં દાયકાઓથી રહેણાંક મકાન સ્વરૂપે રહેલા દબાણ ઉપર નગરપાલિકા તંત્રએ કાનૂની કાર્યવાહી બાદ આ દબાણને દૂર કરવાની કામગીરી કરી હતી. ખંભાળિયામાં સ્ટેશન રોડ વિસ્તારમાં કેટલાક આસામીઓ દ્વારા છેલ્લા આશરે બે દાયકા જેટલા સમયથી અનધિકૃત રીતે દબાણ કરવામાં આવ્યા હતા.

જેમાં રહેણાંક સ્વરૂપે કરાયેલા કેટલાક દબાણો સંદર્ભે નગરપાલિકા તંત્રએ વર્ષ ૨૦૧૦ માં આપેલી નોટિસ બાદ જે-તે આસામી દ્વારા કોર્ટનો સહારો લઈ, સ્ટે મેળવ્યો હતો. આ અંગેના કેસની કાર્યવાહી બાદ કોર્ટ દ્વારા આપવામાં આવેલો સ્ટે ઉઠાવી લેવામાં આવ્યો હતો અને જે-તે આસામીઓની તરફેણમાં કોઈ ચુકાદો આવ્યો ન હતો. આ પછી નગરપાલિકા દ્વારા તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ તથા તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ની નોટિસ અંગેની કાર્યવાહી કરી અને જે-તે દબાણકર્તાઓને તેમના દબાણો દૂર કરવા નોટિસ પાઠવી હતી. પરંતુ તેઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

## દ્વારકાના ઈસ્કોન ગેટ સામે બે મહિનાથી અધુરા રોડ ગટર કામથી ૨૯ દુકાનધારકોની આજીવિકા પર તથા દર્શનાર્થીઓને ભારે હાલાકીઃ કામ તત્કાલ પૂર્ણ નહિ થાય તો આંદોલન



**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા શહેરના ઈસ્કોન ગેટ સામે આવેલ માર્ગ પર આર એન્ડ બી વિભાગ દ્વારા આશરે બે મહિના અગાઉ રોડની સાઈડમાં ગટર અને રોડ સંબંધિત ખોદકામ કરવામાં આવ્યું હતું, પરંતુ આજદિન સુધી કામગીરી પૂર્ણ ન થતાં સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ વિસ્તારમાં આવેલી અંદાજે ૨૯ જેટલી દુકાનોના વેપાર ધંધા પર ગંભીર અસર પડી રહી છે અને આશરે ૫૦૦થી વધુ લોકોની રોજીરોટી જોખમમાં મુકાઈ ગઈ હોવાનું વેપારીઓએ જણાવ્યું છે.

વેપારીઓના જણાવ્યા મુજબ હાલ ઉનાળાની રજાઓ દરમિયાન દ્વારકાધીશ મંદિર ખાતે દેશભરમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવી રહ્યા છે. આવી સ્થિતિમાં રબારી ગેટથી ઈસ્કોન ગેટ સુધી ચાલતા રોડ અને ગટરનાં કામને કારણે સતત ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે. ઘણી વખત વાહનચાલકો અને યાત્રાળુઓને લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેવું પડે છે, જેના કારણે શહેરની છબીને પણ નુકસાન પહોંચી રહ્યું છે. સ્થાનિક દુકાનદારોનું કહેવું છે કે માર્ગ ખોદી નાખવામાં આવ્યો હોવાને કારણે ગ્રાહકો દુકાનો સુધી પહોંચી શકતા નથી, પરિણામે નાના વેપારીઓની આવક લગભગ બંધ થવાની સ્થિતિમાં પહોંચી ગઈ છે. વેપારીઓએ તંત્રને ચેતવણી આપી છે કે જો રોડ અને ગટરનું કામ તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવામાં નહીં આવે તો તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવા મજબૂર બનશે.

## દ્વારકાના અતિ પ્રાચીન સિધ્ધેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લેતા શારદાપીઠના શંકરાચાર્યજી મહારાજ




**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકાના ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા શ્રી સિદ્ધેશ્વર મહાદેવ શિવાલય ખાતે આજે દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ પધાર્યા હતા. તેમની આગમનથી મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

શંકરાચાર્યજીએ સૌપ્રથમ શ્રી સિદ્ધેશ્વર મહાદેવના દર્શન કરી વિધિવત પૂજન અર્ચન કર્યું હતું અને ભગવાન શિવના ચરણોમાં પ્રાર્થના અર્પણ કરી હતી. ત્યારબાદ તેમણે મંદિરના પુજારી તથા સંકળાયેલા આગેવાનો સાથે બેઠક યોજી મંદિરની વર્તમાન સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન શંકરાચાર્યજીએ શિવાલયના વર્ષો જૂના અને જીર્ણ બનેલા ભાગોનું નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત મંદિર પરિસરમાં આવેલી કેટલીક ખંડિત તથા જર્જરીત પ્રતિમાઓ અને ઐતિહાસિક અવશેષોની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે મંદિરની મૂળ પ્રાચીનતા અને ધાર્મિક ગૌરવ જળવાઈ રહે તે રીતે સંરક્ષણ અને જરૂરી નવીનીકરણના કાર્યો હાથ ધરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મંદિરના પુજારી સાથે થયેલી ચર્ચામાં ટૂંકા ગાળામાં જીર્ણોદ્ધાર અને સંરક્ષણ સંબંધિત કામગીરી શરૂ કરવા અંગે વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને મંદિરના નુકસાનગ્રસ્ત ભાગોને સુરક્ષિત બનાવવાની સાથે ધાર્મિક અને ઐતિહાસિક વારસાનું જતન થાય તે દિશામાં આયોજન કરવામાં આવશે. શંકરાચાર્યજીની આ મુલાકાતને કારણે સ્થાનિક ભક્તો અને ધાર્મિક વર્તુળોમાં આનંદની લાગણી જોવા મળી હતી. શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરના સંરક્ષણ અને વિકાસ માટે આગામી સમયમાં મહત્વપૂર્ણ પગલાં ભરાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ગોંડલ એસટી બસ સ્ટેશન ખાતે ઠંડા પાણીની સુવિધા બંધ, મુસાફરોમાં રોષ

### યુવા ભાજપ અગ્રણીની એસટી તંત્ર ને રજૂઆત



**સમય સંદેશઃ ગોંડલ**

ગોંડલના યુવા ભાજપ અગ્રણી અને રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા સહ ઇન્ચાર્જ કુલદીપસિંહ જાડેજા એ એસટી તંત્ર ને રજૂઆત કરતા જણાવ્યું હતું કે એસટી બસ સ્ટેશન ખાતે મુસાફરો માટે આરઓ સિસ્ટમ તેમજ ઠંડા પાણી માટે ફ્રીઝરની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં છેલ્લા કેટલાય દિવસોથી ફ્રીઝ બંધ હાલતમાં હોવાના કારણે મુસાફરોને ધગધગતા તાપમાં ગરમ પાણી પીવાની ફરજ પડી રહી છે. ઉનાળાની આકરા ગરમીમાં મુસાફરોને પૂરતી અને ઠંડા પાણીની સુવિધા મળવી જરૂરી હોવા છતાં એસટી તંત્રની બેદરકારી સામે આવી રહી છે. દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો ગોંડલ એસટી બસ સ્ટેશનનો ઉપયોગ કરે છે. તેમાં વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને વધુ હાલાકી ભોગવવી પડી રહી છે. આરઓ પ્લાન્ટ કાર્યરત હોવા છતાં ઠંડુ પાણી ઉપલબ્ધ ન હોવાને કારણે મુસાફરોમાં અસંતોષ ફેલાયો છે. એસટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બંધ પડેલ ફ્રીઝ શરૂ કરવામાં આવે તેમજ મુસાફરોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે. જાહેર સુવિધાઓ જાળવવામાં થતી બેદરકારી દૂર કરી મુસાફરોને રાહત મળે તે માટે યોગ્ય પગલાં લેવા જરૂરી બન્યા છે.

## ભાણવડનાં બરડા નજીક રૂ.૫૫ હજારની કિંમતનો ૨૨૦૦ લિટર દારૂનો આથો ઝડપાયો



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ નજીક બરડા ડુંગરની ગોદમાં ધામણી નેશ પાસેથી ભાણવડ પોલીસે બાતમીના આધારે દારૂ અંગે દરોડો પાડયો હતો. જયાંથી પોલીસે રૂ.પંચાવન હજારની કિંમતનો દારૂ બનાવવાનો બાવીસસો લીટર આથો કબ્જે કર્યો છે, જોકે આરોપી ફરાર થઈ જતા જેની પોલીસે શોધખોળ કરી છે.

ભાણવડ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમ્યાન બરડા ડુંગરમાં ધામણી નેશથી દક્ષિણ દીશા તરફ આવેલ ખોડીયાર ઝર પાસે બાવળની જાળમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ધમધમતી હોવાની બાતમી મળતા પોલીસે સ્થળ પર પહોંચી તલાસી લીધી હતી.

જયાંથી પોલીસને રૂ.પંચાવન હજારની કિંમતનો બાવીસસો લીટર કાચો આથો મળી આવ્યો હતો અને મુદામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી. બુટલેગર જીવણ ગલા મોરી ફરાર થતા તેની શોધખોળ કરી છે.

## અનુસંધાન

### પૂરક પરીક્ષાઓ

(પાના નં. ૪ થી આગળ)

આવ્યો છે. ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરી શકશે નહીં. તથા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક હુકમમાં જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામાંનો ભંગ કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

### પથ્થરના ખનન

(પાના નં. ૪ થી આગળ)

સહિત કુલ અંદાજે રૂ. ૧.૭૫ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી અને વધુ તપાસ શરૂ કરી છે. આ કાર્યવાહીથી ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વોમાં ચકચાર મચી જવા પામી છે. જિલ્લા પોલીસ દ્વારા ખનિજ ચોરી અને કુદરતી સંપત્તિના ગેરકાયદે ઉપયોગ સામે આવી જ કડક કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

### દારૂની લતથી કંટાળેલા

(પાના નં. ૪ થી આગળ)

આપઘાત પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે કે નહીં તે અંગે પણ તપાસ ચલાવવામાં આવી રહી છે. યુવાનના અચાનક અવસાનથી પરિવારજનો અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### એસ.ટી. બસ

(પાના નં. ૪ થી આગળ)

આરોપીની શોધખોળ હાથ ધરી ટેક્નિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાઓના આધારે જામનગરમાં અંધ આશ્રમ વિસ્તારમાં હનુમાન ચોક નજીક રહેતા દીપક મનસુખભાઈ ગોહિલ (ઉં.વ. ૨૨), શંકર ટેકરી શાસ્ત્રીનગરમાં રહેતા ધર્મેન્દ્રસિંહ ઉર્ફે લાલભા વિરેન્દ્ર સિંહ સોઢા (ઉ.વ.૨૩) તેમજ સિદ્ધનાથ સોસાયટીમાં રહેતા રાહુલ શામજીભાઈ ચાવડા (ઉ.વ.૨૬) નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ઘટનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### જામનગરમાં વિશ્વ પર્યાવરણ

(પાના નં. ૩ થી આગળ)

વણસશે. તેમણે નવાનગર ક્લબના કાર્યને બિરદાવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, પ્રકૃતિ પ્રેમી હોવા છતાં ભગવાન કૃષ્ણના પ્રિય કદંબના વૃક્ષનું રોપણ કરવું તેમના માટે કેવું રહ્યું, ત્યારે નથવાણીએ ટૂંકો પણ ગૌરવભર્યો જવાબ આપ્યો કે, એ મારા માટે બહુ ગૌરવની વાત છે.

### વડાપ્રધાનના ૧૨ વર્ષના

(પાના નં. ૩ થી આગળ)

અપાશે. વિકસિત ભારત સંકલ્પ સંમેલનઃ રાષ્ટ્રના વિકાસ માટે પદ્મશ્રી એવોર્ડ વિજેતાઓ, તજજ્ઞો અને પ્રબુદ્ધ નાગરિકો સાથે સકારાત્મક સંવાદ સ્થાપિત કરાશે. આ અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં વૃક્ષારોપણ, સ્વચ્છતા ઝુંબેશ અને પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ કાર્યશાળાઓ યોજાશે. ખાસ કરીને 'જન કલ્યાણ શિબિર' દરમિયાન જ 'સેવાસેતુ' કાર્યક્રમ હેઠળ મળવાપાત્ર ૫૬ પ્રકારની સરકારી સેવાઓ, પ્રમાણપત્રો અને દાખલાઓ અરજદારોને કોઈ પણ વિલંબ વગર સ્થળ પર જ પૂરા પાડવામાં આવશે. તંત્ર દ્વારા આ સેવા ઉત્સવને લોકઉત્સવ બનાવવા માટે જિલ્લાના પદાધિકારીઓ, સંતો-મહંતો, સામાજિક સંગઠનો, યુવાઓ અને આમ જનતાને મોટી સંખ્યામાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

### વન કવચ

(પાના નં. ૩ થી આગળ)

૧૫૦ લાખના ખર્ચે વન કવચનું ભવ્ય નિર્માણ કરાયું છે. આ ઉપરાંત, ધ્રોલ તાલુકાના હમાપર અને સુધાધુના ગામે મળીને કુલ ૨.૭૫ હેક્ટર વિસ્તારમાં અંદાજે રૂ. ૬૨.૬ લાખના ખર્ચે વન કવચ વિકસાવવામાં આવ્યા છે. આમ, સમગ્ર જામનગર જિલ્લાભરમાં વ્યાપક સ્તરે નિર્માણ પામેલા આ વન કવચો વધતા પ્રદૂષણ અને આબોહવા પરિવર્તનના પડકારો વચ્ચે સ્થાનિક જૈવવિવિધતાને પ્રોત્સાહન આપશે અને આવનારી ભાવિ પેઢી માટે સ્વચ્છ હવા તેમજ સ્વસ્થ પર્યાવરણ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

### પાલિકા દ્વારા વિશ્વ

(પાના નં. ૩ થી આગળ)

ડે.મેયર રાકેશભાઈ ડેર, સ્ટે કમિટી ચેરમેન ધીરેન મોનાણી, દંડક પ્રવિણાબેન રૂપડીયા, શાસકપક્ષ નેતા અમર મોદી, કમિશ્નર દીપેશ કેડિયા, કલેકટર પી.બી.પંડ્યા, નાયબ કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, જામ્યુકોના અધિકારીઓ મુકેશભાઈ વરણવા, ભાવેશભાઈ જાની, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ જેઠવા, ઉપરાંત કોર્પોરેટરો, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જામનગર મહાનગપાલિકા દ્વારા વિવિધ વોર્ડમાં વૃક્ષ ના રોપા વિતરણ કરવામાં આવ્યું હતું. વોર્ડ નંબર ૩માં વિકાસ ગૃહ પાસે વૃક્ષ ના રોપા વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં કોર્પોરેટર સુભાષભાઈ જોષી, પૂર્વ કોપોરેટર જયેન્દ્ર સિંહ ઝાલા સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

(પાના નં. ૧ થી આગળ)

નેતૃત્વની સરાહના કરતા જણાવ્યું હતું કે પ્રવર્તમાન વૈશ્વિક પડકારો વચ્ચે દેશવાસીઓને પીએમ મોદી પર અતૂટ વિશ્વાસ છે અને ભારત સંપૂર્ણ સુરક્ષિત હાથોમાં છે. સીએમ પટેલે ઉમેર્યું કે સરકાર ક્લાયમેટ ચેન્જ જેવા મોટા વૈશ્વિક પડકારને પણ વિકાસના એક નવા અવસરમાં બદલવા માટે કટિબદ્ધ છે.

આમ, વિશ્વ પર્યાવરણ દિવસની આ મુલાકાત પ્રકૃતિ સાથે પ્રગતિના મંત્રને ચરિતાર્થ કરીને પર્યાવરણ સંરક્ષણ અને આત્મનિર્ભરતાના સંકલ્પને વધુ સુદ્રઢ બનાવે છે.

### પર્યાવરણ દિને સુરત

(પાના નં. ૧ થી આગળ)

રીતે જોડાયા હતા. આ સાયકલ રેલી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમથી શરૂ થઈને અઠવાલાઇન્સ સ્થિત ઇન્ડોર સ્ટેડિયમ સુધી પહોંચી હતી, જેમાં સુરતના હજારો ઉત્સાહી નાગરિકો અને યુવાનોએ ભાગ લીધો હતો. આ અનોખા આયોજન દ્વારા નાગરિકોએ માત્ર ઉર્જા અને ઇંધણ બચાવવાનો જ સંકલ્પ નહોતો કર્યો, પરંતુ પ્રકૃતિની જાળવણી સાથે ઉત્તમ સ્વાસ્થ્ય જાળવવાનો પણ એક સુંદર અને સકારાત્મક સંદેશ સમાજને આપ્યો હતો.

### ભીષણ અગ્નિકાંડ

(પાના નં. ૧ થી આગળ)

ધુમાડો ભરાઈ ગયો હતો. જે સમયે આગ લાગી, તે સમયે ICUમાં આશરે ૧૨થી ૧૫ દર્દીઓ દાખલ હતા, જેઓ છેલ્લા એક અઠવાડિયાથી સારવાર હેઠળ હતા. ધુમાડો અને આગની જ્વાળાઓ જોઈને દર્દીઓના પરિજનોમાં નાસભાગ મચી ગઈ હતી અને તેઓ પોતાના સ્વજનોને બચાવવા માટે ચીસાચીસ કરવા લાગ્યા હતા.

દુર્ઘટના સમયે હોસ્પિટલ પ્રબંધનની મોટી બેદરકારી સામે આવી છે. મૃતકોના પરિજનોએ આરોપ લગાવ્યો છે કે આગ લાગી ત્યારે ઈંઈઅ માં કોઈ પણ 'અટેન્ડન્ટ' કે કર્મચારી હાજર નહોતો. આગ લાગ્યા બાદ હોસ્પિટલના કર્મચારીઓ અને તબીબો દર્દીઓને ભગવાન ભરોસે છોડીને પોતાની જાન બચાવવા માટે બહાર ભાગી છૂટ્યા હતા. આગ ઓલવવા માટેના કોઈ સાધનો કામ કરી રહ્યા નહોતા અને હોસ્પિટલની 'ફાયર ફાઈટિંગ સિસ્ટમ' સંપૂર્ણપણે ફેલ સાબિત થઈ છે. બચાવ કામગીરીમાં જોડાયેલા લોકો અને પરિજનોની ભારે જહેમત બાદ ૨૦ દર્દીઓને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું.

### વેનેઝુએલાના રાષ્ટ્રપતિ

(પાના નં. ૧ થી આગળ)

મોનિકા વ્યાસ, જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યા, વેનેઝુએલામાં ભારતના રાજદૂત પી.કે. અશોક બાબુ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ રાષ્ટ્રપતિએ જામનગર આર.ટી.ઓ. (પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગની કચેરી) ખાતે ''વિશ્વ પર્યાવરણ દિન''ના અવસરે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. વૃક્ષો માત્ર પર્યાવરણનું સંતુલન જાળવવામાં જ નહીં, પરંતુ માનવજીવનને શુદ્ધ હવા, છાંયો અને કુદરતી સંસાધનો પ્રદાન કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આ કાર્યક્રમમાં જામનગરના નાયબ વન સંરક્ષક અરૂણ કુમાર તથા અન્ય અધિકારીઓ સહભાગી થયા હતા.

### શ્રીનાથગઢ-મોવિયા

(પાના નં. ૧ થી આગળ)

મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમની કાનૂની કાર્યવાહી માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. કારચાલકે નિયંત્રણ ગુમાવ્યું કે અન્ય કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ, તે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે આગળની સઘન તપાસ હાથ ધરી છે.

### ખેડૂતોને મળશે સબસિડી

(પાના નં. ૧ થી આગળ)

તો સરકાર તરફથી રૂ. ૭૫,૦૦૦ ની વિશેષ સબસિડી આપવામાં આવશે. ગુજરાતના ગામડાઓમાં 'સનેડો' એ ખેડૂતોનું સૌથી વહાણું અને ઉપયોગી સાધન ગણાય છે. ઓછા ખર્ચે અને નાની જગ્યામાં પણ આસાનીથી ફરી શકતા આ સાધનનો ઉપયોગ વાવણી, કાપણી, માલ-સામાનની હેરફેર તેમજ આંતરખેડ જેવા મહત્વના કૃષિ કાર્યોમાં થાય છે. મોટો ટ્રેક્ટર ખરીદવા અસમર્થ એવા નાના ખેડૂતો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે. સરકારની આ આર્થિક મદદના કારણે હવે ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતો પણ આધુનિક ખેતી તરફ વળી શકશે અને વચેટિયાઓ કે ભાડાના સાધનો પરની તેમની નિર્ભરતા ઘટશે.

### બાગેશ્વર બાબા

(પાના નં. ૧ થી આગળ)

આગમનની સાથે 'દિવ્ય દરબાર' તેમજ 'ચિઠ્ઠી પરચી' પ્રથાને લઈને મોટો વિવાદ પણ શરૂ થઈ ગયો છે. અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કામ કરતી સંસ્થા 'વિજ્ઞાન જાથા' દ્વારા ધીરેન્દ્ર શાસ્ત્રીના આ દિવ્ય દરબારનો ખુલ્લેઆમ વિરોધ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન જાથાએ બાબાના ચમત્કારોના દાવાને પડકાર્યા છે. જેને પગલે શહેરમાં વાતાવરણ ગરમાયું છે. વિવાદને જોતા રાજકોટ પોલીસ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

# વોર્ડ નંબર ૬ માં મ્યુનિસિપલ કમિશનર દ્વારા કેનાલ સફાઈ કામગીરીનું સઘન નિરીક્ષણ






તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના વોર્ડ નંબર ૬ માં આવેલી મેઈન કેનાલની સફાઈ અને તેની પ્રગતિ હેઠળની કામગીરીનું મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે શહેરમાં જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા આ નિરીક્ષણ હાથ ધરાયું હતું, જેમાં કમિશનરશ્રીએ કામગીરીને વધુ ઝડપી અને ગુણવત્તાયુક્ત બનાવવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ અગત્યની સમીક્ષા મુલાકાત દરમિયાન સ્થાનિક કોર્પોરેટરશ્રી પણ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓની ટીમ સાથે ખાસ હાજર રહ્યા હતા અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ તેમજ સ્થાનિક રજૂઆતોથી તંત્રને માહિતગાર કર્યું હતું.

## વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

**સમય સંદેશઃ જામનગર**

દેશના વડાપ્રધાનશ્રી મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે જામનગર જિલ્લામાં આગામી ૦૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમો યોજાશે. આ રાષ્ટ્રવ્યાપી અભિયાનના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ તમામ સરકારી વિભાગોને પરસ્પર મજબૂત સંકલન સાધીને આ કાર્યક્રમોને પરિણામલક્ષી અને લોકાભિમુખ બનાવવા આદેશો આપ્યા હતા. બેઠકમાં ડીડીઓ સુશ્રી



તસવીરઃ હિરેન ગાંધી

નિશા અને આરએસી શ્રી એસ.એમ.કાથડ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉજવણી અંતર્ગત જામનગર જિલ્લામાં મુખ્ય ત્રણ સ્તરે કાર્યક્રમો યોજાશે જેમાં પ્રગતિ પથ યાત્રા: જેના માધ્યમથી નાગરિકો અને મહાનુભાવો જિલ્લાના વિવિધ ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ માહિતી મેળવશે. જન કલ્યાણ શિબિર: મહાનગર પાલિકાના તમામ વોર્ડ અને ગ્રામીણ વિસ્તારોમાં કલ્યાણકારી યોજનાઓ થકી અંત્યોદય અને વંચિત પરિવારોને સીધો લાભ

અનુ પાના નં.૨ પર

## હંગામી બીનખેતી જમીનના ૭/૧૨ અલગ કરવાની સત્તા મામલતદારને આપવા માંગ કરતા રાઘવજી પટેલ

**સમય સંદેશઃ જામનગર**

રીન્યુએબલ એનર્જી (પવનચક્કી વગેરે) પ્રોજેક્ટ માટે જ્યારે ખેડૂતો પોતાની માલિકીના સર્વે નંબરની પૈકી જમીન કંપનીઓને ભાડે આપે છે, ત્યારે તે જમીન હંગામી બિનખેતી થાય છે. પરંતુ તેના કારણે તે જ સર્વે નંબરની બાકીની ખેતીલાયક જમીનના ૭/૧૨ના પાનિયા અલગ થતા નથી અને આખો સર્વે નંબર ફ્રીઝ થઈ જાય છે. પરિણામે ખેડૂતો વહેંચણી, વેચાણ કે વારસાઈ જેવા વ્યવહારો કરી



શકતા નથી. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ અને લેખિત રજૂઆત કરી છે.

સરકારે ૨૫/૦૮/૨૦૨૫ના પરિપત્રથી હંગામી બિનખેતી થયેલ જમીનના પાનિયા અલગ કરવાની જોગવાઈ કરી આ સત્તા DILR (જિલ્લા નિરીક્ષક જમીન દફતર) શ્રીને સોંપી છે. પરંતુ DILR મારફત પાનિયા અલગ કરવાની પદ્ધતિ ખૂબ જ જટિલ હોવાથી ખેડૂતોને ભારે મુશ્કેલી પડી રહી છે. હાલ સેટેલાઇટ પ્રમોલગેશન માપણી બાદ ગામડાઓમાં મોટી સંખ્યામાં ક્ષતિઓ રહી ગઈ હોવાથી DILR કચેરીનો સ્ટાફ તે કામગીરીમાં વ્યસ્ત છે, જેના કારણે હંગામી બિનખેતી થયેલ જમીનના ૭/૧૨ના પાનિયા સમયસર અલગ થઈ શકતા નથી.

૭/૧૨ એ મામલતદાર કચેરી હસ્તકનું રેકોર્ડ છે અને તેની નિભાવણી કે ફેરફાર કરવાની ફરજ મામલતદારની છે. જ્યારે કોઈ ખેડૂત જમીન વેચાણ કે વહેંચણી કરે છે, ત્યારે મામલતદારશ્રી DILR ની માપણી વગર જ સરળતાથી ૭/૧૨ના પાનિયા અલગ કરી આપે છે. આ જ પ્રકારે જો હંગામી બિનખેતી થયેલ જમીનના પાનિયા અલગ કરવાની સત્તા પણ મામલતદારશ્રીને આપવામાં આવે, તો ખેડૂતોના હિતમાં આ કામગીરી ખૂબ જ ઝડપી અને સરળ બની જશે તેવી ધારાસભ્યશ્રીએ ભારપૂર્વક રજૂઆત કરી છે.

## જામનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી

### ટાઉન હોલ ખાતે સેમિનાર, સાંસદ નથવાણીએ કદંબ વૃક્ષ રોપી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો




તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઐતિહાસિક ટાઉન હોલ ખાતે રાજ્ય કક્ષાના વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ અને પ્રકૃતિ પ્રેમી પરિમલભાઈ નથવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યક્રમની શરૂઆતમાં ટાઉન હોલના પ્રાંગણમાં ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય એવા 'કદંબ'ના વૃક્ષનું રોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે લોહાણા મહાજનના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ લાલ અને નવાનગર નેચર ક્લબના વિજયસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં સાંસદ પરિમલભાઈ નથવાણીએ નવાનગર નેચર ક્લબની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, ક્લબ દ્વારા કરાયેલું આયોજન પ્રશંસનીય છે અને બાળકોમાં નાનપણથી જ પર્યાવરણના સંસ્કાર સિંચવા અત્યંત જરૂરી છે. તેમણે દેશભરમાં વધી રહેલા શહેરીકરણ અને કોંક્રિટના બાંધકામો સામે ચિંતા વ્યક્ત કરી હતી. નથવાણીએ સૂચન કર્યું કે, સરકારે અથવા સ્થાનિક કોર્પોરેશને એવી નીતિ બનાવવી જોઈએ કે દરેક નવી સોસાયટીમાં વૃક્ષો વાવવાનું ફરજિયાત બને, જેથી બાળકો પ્રકૃતિને નજીકથી સમજી શકે. સાંસદે લુપ્ત થતી પક્ષીઓની પ્રજાતિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, અમદાવાદ જેવા મોટા શહેરોમાં ચકલીઓ અને પોપટ જેવા પક્ષીઓની સંખ્યા ઘટી રહી છે. જો નવી પેઢીને અત્યારથી જ જાગૃત નહીં કરાય તો પરિસ્થિતિ વધુ

અનુ પાના નં.૨ પર

## જામનગર જિલ્લામાં ૩૮૧.૨૫ લાખ ખર્ચે વન કવચ વિકાસાવાયા





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વન કવચ એ ગુજરાત સરકારની એક મહત્વાકાંક્ષી પર્યાવરણલક્ષી યોજના છે, જેનો મુખ્ય હેતુ રાજ્યમાં હરિયાળું આવરણ વધારવાનો, જૈવવિવિધતાનું સંરક્ષણ કરવાનો અને આબોહવા પરિવર્તનની અસરો સામે કુદરતી સુરક્ષા કવચ ઊભું કરવાનો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી અને જાપાની વનસ્પતિ શાસ્ત્રી અકીરા મિયાવાકીની વનીકરણ પદ્ધતિને લક્ષ્યમાં રાખીને આ યોજના વિકસાવાઈ છે. આ આધુનિક પદ્ધતિ દ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તારોની પડતર કે ઓછી જગ્યામાં પણ સ્થાનિક પ્રજાતિના વૃક્ષોનું ઘનિષ્ઠ વાવેતર કરીને ખૂબ જ ઝડપથી ગીચ અને નાનું વન ઊભું કરવામાં આવે છે, જે પ્રદૂષણ ઘટાડવામાં અને ભૂગર્ભ જળના સંરક્ષણમાં આશીર્વાદરૂપ સાબિત થાય છે. જામનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા કુલ ૧૪ સ્થળોએ ૧૫.૫ હેક્ટર વિસ્તારમાં અંદાજે રૂ. ૩૮૧.૨૫ લાખના માતબર ખર્ચે વન કવચ વિકસાવવામાં આવ્યા છે. જેમાં જામનગર તાલુકાના ગણપતિ મંદિર સપડા અને હાપા માર્કેટ યાર્ડ ઝાડા ટી.પી. સ્કીમના વિવિધ પ્લોટ મળીને કુલ ૩ હેક્ટર વિસ્તારમાં રૂ. ૭૫ લાખના ખર્ચે વન કવચ તૈયાર કરાયા છે. જ્યારે લાલપુર તાલુકામાં લાલપુર અને જોગવડ ગામે કુલ ૦.૭૫ હેક્ટર વિસ્તારમાં અંદાજે રૂ. ૧૮.૮ લાખના ખર્ચે તેમજ કાલાવડ તાલુકાના નિકાવા ગામે અને પરેડ ગ્રાઉન્ડ ખાતે કુલ ૩ હેક્ટર વિસ્તારમાં રૂ. ૭૫ લાખના ખર્ચે આ હરિયાળા વન કવચ ઊભા કરવામાં આવ્યા છે. જિલ્લાના અન્ય તાલુકાઓની વાત કરીએ તો, જામજોધપુર તાલુકામાં સોનવાડિયા, દલદેવડીયા, પાટણ અને વસંતપુર ખાતે કુલ ૬ હેક્ટર વિસ્તારમાં રૂ.

અનુ પાના નં.૨ પર

## જામનગર મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

ગઈકાલે ૫ જૂન એટલેકે વિશ્વ પર્યાવરણ દિવસની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકા દ્વારા અર્બન ફોરેસ્ટ ડેવલોપમેન્ટ અંતર્ગત એક પેડ મા કે નામ સૂત્રને સાર્થક કરતાં વિશ્વ પર્યાવરણ દિનની આજરોજ ઉજવણી કરવામા આવી હતી. જામનગર મહાનગરપાલિકા ડિસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર (વિસ્તરણ)ની કચેરીના સંયુક્ત ઉપક્રમે સિવિલ વેસ્ટ ઝોન, ક્ળટ્રીબ્યુશન લેન્ડ ભીમાં વૂડ્સ પાસે વૃક્ષારોપણ તથા અહીં જ વૃક્ષ વિતરણને કાર્યક્રમ તથા પર્યાવરણપ્રેમીઓને પ્રતિવ્યક્તિ



તસવીરઃ હિરેન ગાંધી




એક વૃક્ષના રોપાનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મેયર મોનીકાબેન વ્યાસની અદયક્ષતામાં યોજાયો હતો રાજ્યકક્ષાના મંત્રી અને જામનગર ઉત્તર ના ધારાસભ્ય રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ,

અનુ પાના નં.૨ પર

## જામનગરની ઈન્દિરા કોલોનીમાં રહેતી પરિણિતાનો આપઘાત

### જામનગરમાં અગમ્ય કારણોસર યુવતીનો ગળાફાંસોઃ ખંભાળીયાના યુવાનને ખેંચ આવતા મૃત્યુ

**સમય સંદેશઃ જામનગર-ખંભાળિયા**

જામનગર શહેરમાં ખેતીવાડી સામે આવેલ ઇન્દિરા કોલોની વિસ્તાર શેરી નં.૧૪માં રહેતી હંસાબેન મનસુખભાઈ ગોહિલ નામની ૪૩ વર્ષીય પરણિત મહિલાએ કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે લોખંડના પાઇપમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પતિ મનસુખભાઈ ગોવિંદભાઈ ગોહિલે પોલીસને જાણ કરતાં આ બનાવ મામલે સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એન. ત્રિવેદી બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને હંસાબેનના મૃતદેહનો કબજો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

આપઘાતના બીજા બનાવમાં જામનગર શહેરના ધરારનગર-૨, પાવર હાઉસની બાજુમાં રહેતી સાહિદા હુસેનભાઈ થઇમ (ઉ.વ.૨૪) નામની યુવતીએ ગઇકાલે પોતાના ઘરે કોઇપણ અગમ્ય કારણોસર પંખામાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે મૃતક યુવતીના મોટાભાઈ મોહસીન હુસેનભાઇએ પોલીસને જાણ કરતાં સિટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ દેવેન ત્રિવેદી બનાવના સ્થળે દોડી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી, યુવતિએ ક્યા કારણોસર આ પગલું ભરી લીધું હતું? તે જાણવા અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાળિયા તાલુકાના લલીયા ગામે રહેતા થારીયાભાઈ હરિભાઈ ધારાણી નામના ૩૮ વર્ષના ગઢવી યુવાનને પોતાના ઘરે ખેંચ આવી જતા તેમને વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના નાનાભાઈ ભરતભાઈ હરિભાઈ ધારાણીએ અહીંની પોલીસને કરી છે.

## ખંભાળિયામાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં સલાયા ગેઈટ વિસ્તારમાં આવેલા ભરવાડ પાડા ખાતે રહેતા આદમ ઉર્ફે આધો ખમીસાભાઈ ભોકલ નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના અંગત આર્થિક ફાયદા માટે તેના ભોગવટાના મકાનમાં નાલ ઉઘરાવી રમાડાતા જુગારના અખાડામાંથી પોલીસે આદમ ઉર્ફે આધો ભોકલ ઉપરાંત માંડા કાના ચૌહાણ અને સલીમ ઇસ્માઈલ બેલીમ નામના ત્રણ શખ્સોને રૂપિયા ૨૫,૨૦૦ ની રોકડ રકમ તથા મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૩૫,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

## જામનગરમાં વોર્ડ નં. ૧ ના નગરસેવકોએ પ્રજા માટે કર્યો રાત ઉજાગરો

### મધ્યરાત્રિએ અઢી કલાકે પીજીવીસીએલની કચેરીએ પહોંચી અંધારું દૂર કરાવ્યું




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં હાલમાં વ્યાપક ગરમીના કારણે વીજવિક્ષેપ સર્જાયો છે, ત્યારે તા. ૪ જૂન ૨૦૨૬ના રોજ મધ્યરાત્રિએ વોર્ડ નં. ૧ ની લાઇટો ગુલ થઈ ગઈ હતી. આ કાળઝાળ ગરમીમાં લાઇટ વગર પડાપાડ કરતા લોકોને મુશ્કેલીમાંથી ઉગારવા માટે શાસકપક્ષના નેતા અમર મોદી અને નગરસેવક ઇસ્માઇલ માણેક રાત્રે ૨.૩૦ કલાકે ઊંઘમાંથી ઊઠીને તાત્કાલિક વિસ્તારમાં દોડી આવ્યા હતા.

ત્યારબાદ તેઓ પીજીવીસીએલની કચેરીએ પહોંચ્યા હતા અને ત્યાંના સ્ટાફને સાથે લઈને જે સ્થળે પાવરમાં ફોલ્ટ સર્જાયો હતો ત્યાં જાતે ઊભા રહીને રિપેરિંગ કામ કરાવ્યું હતું. આ નગરસેવકોની બે કલાકની ભારે જહેમત બાદ આખરે સવારે ૪.૦૫ વાગ્યે વિસ્તારમાં વીજ પુરવઠો પુનઃ કાર્યરત થતાં અંધારું દૂર થયું હતું.

આ કામગીરીમાં તેમની સાથે પૂર્વ નગરસેવક નુરમામદ પલેજા, શકીલ સોઢા, શબ્બીરભાઈ તેમજ મોટી સંખ્યામાં લતાવાસીઓ હાજર રહ્યા હતા. પરસેવે રેબઝેબ થયેલા વિસ્તારના નાના બાળકો, વૃદ્ધો અને માતા-બહેનોએ વિજ પુરવઠો શરૂ કરાવી આપવા બદલ નગરસેવકોની આ સરાહનીય અને લોકસેવક તરીકેની ભૂમિકાને બિરદાવીને તેમના મોંએ વખાણ કર્યા હતા.

## સરકારી પોલીટેકનીક દ્વારા ધો.૧૦ પછીના અભ્યાસક્રમોના કારકિર્દી માર્ગદર્શન સેમીનાર

**સમય સંદેશઃ જામનગર**

ધો.૧૦ પછી ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોના પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને ડીપ્લોમાં ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમોના કારકિર્દી માર્ગદર્શન માટે આગામી તા.૦૯ જુનના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ કલાક, સેમીનાર હોલ,ન્યુ બિલ્ડીંગ, સરકારી પોલીટેક્નીક,વાલસુરા રોડ,જામનગર ખાતે સેમિનાર યોજાશે .આ સેમીનારમાં સરકારી પોલીટેકનીકના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સેમીનારમાં ઉમેદવારોએ મહતમ લાભ લેવ માટે સરકારી પોલીટેકનીકના આચાર્યશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ઠેબાના પ્રકૃતિપ્રેમીએ ૨૫ હજાર વૃક્ષો વાવી વેરાન સ્થળે સર્જ્યું ગાઢ જંગલ

## પ્રકૃતિને સાથી બનાવ્યા બાદ અલ્સરની બીમારી દૂર થયાનો વિઠ્ઠલભાઈનો દાવો: જુદા જુદા સમયે વૃક્ષો વાવી જતન કર્યા બાદ હાલ બે ભાઈનો ડુંગર પર્યટન સ્થળ બન્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઠેબા નજીક જ્યાં ૨૦ વર્ષ અગાઉ વેરાન વગડો હતો તેવી બે ભાઈના ડુંગર તરીકે ઓળખાતી જગ્યામાં આજે હરિયાળી લહેરાઈ છે અને આ સ્થળે ગાઢ જંગલ ઊભું થયું છે. ઠેબા ગામના વિઠ્ઠલભાઈ મુંગરાએ સમયાંતરે ૨૫ હજાર જેટલા જુદા જુદા વૃક્ષો વાવ્યા અને આ વેરાન જગ્યાને જંગલમાં પરિવર્તિત કરી છે. હવામાં લહેરાતો વૃક્ષો આજે અનેક પંખીઓનું રહેઠાણ બન્યું છે. ૨૦ વર્ષ અગાઉ ગંભીર રોગથી પીડાતા વિઠ્ઠલભાઈ હાલ દ્રઢપણે એવું માને છે કે, આ પ્રકૃતિ થકી જ તેમને જીવનના વધારાના ૨૦ વર્ષ મળ્યા છે.

૨૦ વર્ષ અગાઉ ઠેબામાં રહેતા વિઠ્ઠલભાઈ મુંગરાને અલ્સરની બીમારી લાગુ પડ્યા બાદ તબીબોએ પણ હાથ ઊંચા કરી દેતા તેઓની અર્થીક અને શારીરિક સ્થિતિ ખૂબ ખરાબ બની હતી.





તસવીરઃ હિરેન ગાંધી

બાદમાં જેમના પર ખૂબ શ્રદ્ધા છે તેવા બે ભાઈના ડુંગર પર બિરાજમાન ખોડિયાર માતાજીના મંદિરે દર્શન અર્થે ગયા અને ત્યાંથી તેમને પર્યાવરણ પાછળ જીવન વિતાવવાનો વિચાર આવ્યો હતો.

પ્રથમ થોડા વૃક્ષો વાવી શરૂઆત કર્યા બાદ આજ સુધીમાં તેઓએ ૨૫ હજાર વૃક્ષ વાવીને સતત સફાઇ પાણી પીવડાવવા સહિતના કામ કરી જગ્યાને ગાઢ જંગલમાં ફેરવી નાખી છે. આ ૨૫ હજાર વૃક્ષોને તેઓ પોતાનો સંસાર માને છે અને સવારથી સાંજ સુધી મોટાભાગનો સમય અહી પસાર કરે છે. એટલું જ નહી પ્રકૃતિના પ્રતાપે હાલ તેમની અલ્સર સહિતની બીમારી પણ દૂર થઇ ગઇ હોવાનો તેઓ દાવો કરે છે.

ચોમાસામાં આ જગ્યા સોળે કળાએ ખીલી ઉઠી છે અને લોકો શહેરના ઘોંઘાટથી દૂર બાળકો અને પરિવાર સાથે રજામાં આ પ્રકૃતિનો સ્પર્શ માણવા માટે આવે છે. એટલું જ નહી લગભગ દર અઠવાડિયામાં ધાર્મિક, સામાજિક પ્રસંગ નિમિત્તે જમણવાર પર યોજાતો હોવાથી મોટી મોટીસંખ્યામાં લોકો હાજરી આપી છે. બે ભાઈના ડુંગરની નીચે આવેલી જગ્યામાં અઢળક વૃક્ષો વચ્ચે બોરવેલના ગેલ્વેનાઈટના પાઇપના ઉપયોગથી ચબૂતરો બનાવાયો છે.

# જામનગરમાં પાનની દુકાન અને હોટલમાં ચાઈલ્ડ લેબર સામે તવાઈ

## શ્રમ વિભાગ અને પોલીસનો સંયુક્ત દરોડોઃ ખોડિયાર કોલોની નજીક રાજ ચેમ્બર વિસ્તારમાંથી એક બાળમજૂરને મુક્ત કરાવી માલિક સામે કાયદેસરની કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં બાળમજૂરી પ્રથાને નાબૂદ કરવા માટે શ્રમ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખોડિયાર કોલોની, રાજ ચેમ્બર્સ આવેલી ચામુંડા પાન એન્ડ હોટલ માં દરોડો પાડતા એક સગીર બાળક પાસેથી મજૂરી કરાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.

જેના આધારે તંત્ર દ્વારા બાળકને મુક્ત કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ જિલ્લા શ્રમ વિભાગના અધિકારી ડી.ડી. રામી ને મળેલી બાતમીના આધારે રાજ ચેમ્બર્સ વિસ્તારમાં અચાનક ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન એક સગીર બાળકને મજૂરી કરાવવામાં આવતી હોવાનું જાણવા મળતાં તેને તાત્કાલિક મુક્ત કરાવવામાં આવ્યો હતો. અધિકારીઓએ બાળકની પૂછપરછ કરી જરૂરી વિગતો મેળવી હતી તેમજ સંસ્થા સંચાલક રમેશકુમાર કાનજીભાઈ મઘોડિયા પાસેથી જરૂરી દસ્તાવેજોની તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બાળમજૂરી પ્રતિબંધક કાયદાનો ભંગ થયો હોવાનું જણાતા સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

શ્રમ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કોઈપણ પ્રકારની મજૂરીમાં રોકવા કાયદાકીય રીતે પ્રતિબંધ છે, અને આવા કિસ્સાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બાળમજૂરી જેવી સામાજિક બુરાઈને અટકાવવા માટે નિયમિત ચકાસણી અને દરોડાની કામગીરી આગળ પણ ચાલુ રાખવામાં આવશે. આ કાર્યવાહીમાં શ્રમ વિભાગના અધિકારી ડી.ડી. રામી તેમજ તેઓની ટિમ અને સ્થાનિક પોલીસ સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. બાળમજૂરને જરૂરી માર્ગદર્શન અને સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરમાં ૧૧થી ૨૦ જુન દરમિયાન યોજાનાર ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાઓ અન્વયે જાહેરનામું

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત ધો.૧૦ અને ધો.૧૨ની જુન-૨૦૨૬ પૂરક પરીક્ષાઓ આગામી તા.૧૧જુન થી તા.૨૦ જુન દરમિયાન યોજવામાં આવશે. પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.

જામનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.એમ.કાથડ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નિર્ધારિત કરવામાં આવેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં આવતા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ અને અંગત ઉપયોગ માટે વપરાશ કરતા કોપીયર મશીન ધારકોએ આગામી તા.૧૧ જુન થી તા.૧૩ જુન અને તા.૧૫ જુન થી તા.૧૯જુનના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી બપોરના ૧:૧૫ કલાક સુધી તથા બપોરના ૩:૦૦ કલાકથી સાંજે ૬:૩૦ સુધી તેઓના કોપીયર મશીન દ્વારા પરીક્ષા વિષયક પત્રો અને દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ

અનુ પાના નં.૨ પર

# દ્વારકાના કલ્યાણપુર પંથકમાં કાળા પથ્થરના ખનનનું કૌભાંડ ઝડપાયું

## દેવભૂમિ દ્વારકા એસઓજીનો દરોડોઃ વાહનો સહિત ૧.૭૫ કરોડનો મુદ્દામાલ જપ્તઃ ૮ શખ્સો સામે કાર્યવાહી

**સમય સંદેશઃ કલ્યાણપુર**

પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.એ. વાળા તથા એસઓજી સ્ટાફના એએસઆઈ સજુભા હમીરજી જાડેજા, કાનાભાઈ રણમલભાઈ માડમ તેમજ પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસિંહ બળવંતસિંહ ગોહીલ, ધર્મેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા, સુમાતભાઈ જેઠાભાઈ ભાટીયા અને કૃષ્ણરાજસિંહ દિગુભા જાડેજા એસઓજી સંબંધિત કામગીરી અંતર્ગત જામ કલ્યાણપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદાર મારફતે જાણકારી મળી હતી કે પટેલકા ગામની સીમમાં કેટલાક લોકો જેસીબી મશીનોની મદદથી સરકારી જમીનમાંથી ગેરકાયદેસર રીતે બ્લેક ટ્રેપ ખનિજનું ખોદકામ કરી રહ્યા છે.

બાતમીના આધારે ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બે જેસીબી મશીન અને છ ટ્રેક્ટર ટ્રોલી મળી આવ્યા



હતા. જેમાંથી ચાર ટ્રોલીમાં બ્લેક ટ્રેપના પથ્થરો ભરેલા હતા, જ્યારે બે ટ્રેક્ટર ખનિજ ભરવા માટે તૈયાર હાલતમાં ઉભા હતા. પોલીસે તાત્કાલિક ખોદકામની કામગીરી બંધ કરાવી અને હાજર લોકોને ખનન માટે જરૂરી રોયલ્ટી, પાસ પરમિટ અથવા ખાણ ખનીજ વિભાગની મંજૂરી અંગે પૂછપરછ કરી હતી. જોકે, કોઈપણ વ્યક્તિ જરૂરી દસ્તાવેજો કે કાયદેસર મંજૂરી રજૂ કરી શકી નહોતી. આથી પોલીસે સ્થળ પરથી ખનિજ, મશીનો અને વાહનો

અનુ પાના નં.૨ પર

# જામજોધપુરના જશાપરમાં ખનીજ વિભાગનો દરોડોઃ જેસીબી સહિતના ત્રણ વાહનો જપ્ત

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના જસાપર ગામના નદી પટ્ટ વિસ્તારમાં સાદી રેતીના બિનઅધિકૃત ખનન અને વહન અંગે મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સ્થળ પરથી ખનન કાર્યમાં ઉપયોગમાં લેવાતું એક જેસીબી મશીન તથા બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા વાહનોમાં જેસીબી નંબર જીજે-૩૭-એસ-૯૮૯૮ તેમજ ડમ્પર નંબર બીઆર-૩૧-જીએ-૬૧૮૨ અને બીઆર-૨૫-જીએ-૬૦૨૫નો સમાવેશ થાય છે. ત્રણેય વાહનોના માલિક તરીકે રાજેશભાઈ કાંબરિયાનું નામ સામે આવ્યું છે. જે અંગે ખાણ ખનીજ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.



# ધ્રોલના તલીપર ખાતે દારૂની લતથી કંટાળેલા યુવાને ઝેરી ટીકડા ખાઇ જીવન ટૂંકાવ્યું

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામે રહેતો ભાર્ગવ ભાણજીભાઈ તાલપરા નામનો ૨૫ વર્ષીય યુવાન લાંબા સમયથી દારૂ પીવાની ટેવ ધરાવતો હતો. દારૂના વધુ પડતા સેવનના કારણે તેના ફેફસા તેમજ કિડનીમાં પણ તકલીફો ઉભી થઈ હતી. આમ છતાં યુવાને દારૂ પીવાનું ચાલું રાખ્યું હતું. ગઇકાલે યુવાન દારૂના નશામાં ઘરે પહોંચ્યો હતો. આ દરમિયાન તેના પિતાએ દારૂ પીવાની આદત અંગે ઠપકો આપતાં યુવાનને તે વાત મનમાં લાગી આવી હતી.

ત્યારબાદ યુવાન ઘરેથી નીકળી પોતાની વાડીમાં ગયો હતો, અને ત્યાં અનાજમાં નાખવાના ઝેરી ટિકડા ખાઇ લેતાં તે બેભાન અવસ્થામાં ઢળી પડ્યો હતો. પરિવારજનોને જાણ થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા ભાણજીભાઈ તાલપરાએ પોલીસને જાણ કરી હતી. જાણ થતાં ધ્રોલ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જે. કે. દલસાણીયા તાત્કાલિક હોસ્પિટલ તથા ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ઉપરાંત સમગ્ર બનાવની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી

અનુ પાના નં.૨ પર

# એસ.ટી. બસના ડ્રાઈવર ઉપર હુમલો કરનાર આરોપી ઝડપાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના બેડેશ્વર વાલસુરા રોડ એસ.એસ.બી કેમ્પની બાજુમાં રહેતા એસટી ડ્રાઈવર દિલીપભાઇ લક્ષ્મણભાઇ બાબરીયાએ પોતાના પર હુમલા મામલે ૫ અજાણ્યા શખ્સો સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદી જામનગરથી દ્વારકા રૂટમાં બસ લઇને નીકળ્યા ત્યારે શહેરના દિગ્જામ સર્કલથી આગળ ઓવરબ્રિજ પાસ કરતા બસની આગળ ટ્રક જતો હોવાથી ટ્રકને ઓવરટેક કરવા જતા પાછળ આરોપી એક અજાણ્યો એક્સેસ ચાલક સતત હોર્ન વગાડતો હતો.

બાદમાં બસની આગળ પોતાનું સ્કૂટર ઉભું રાખી બસ રોકાવી ફરીયાદી સાથે મારપીટ કરવા લાગ્યો હતો. આ દરમિયાન એક કારમાંથી ૪ અજાણ્યા શખ્સો ઉતરી તેઓ પણ ફરીયાદીને માર મારવા લાગ્યા હતા અને ગાળો બોલી કહ્યું કે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશું. બાદમાં એક શખ્સે પથ્થર લઇ બસની આગળનો કાચ તોડી નાખ્યો હતો. બાદમાં ઇજાગ્રસ્ત ડ્રાઈવરને ચક્કર આવી જતા બેભાન હાલતમાં જી.જી હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરાયા હતા. ફરીયાદીને શરીરે, મોઢામાં, ગાલ પર તથા જમણી આંખે અને વાસામાં ઇજાઓ થતા સારવાર અપાઈ હતી.


બીજી બાજુ અજાણ્યા વ્યકિતઓ ફરીયાદી સરકારી ફરજમાં રૂકાવટ કરી બસનો કાચ તોડી નુકસાન અને મારી નાખવાની ધમકી આપતા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આજુબાજુના સીસીટીવી ફૂટેજ તપાસી

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં શ્વાન ખસીકરણ કેન્દ્રમાં પશુ ક્રૂરતાના ગંભીર આક્ષેપ : જીવદયા પ્રેમીઓએ ઉગ્ર વિરોધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા સંચાલિત શ્વાન ખસીકરણ કેન્દ્રમાં શ્વાનોની અત્યંત દયનીય અને ચિંતાજનક સ્થિતિ સામે આવતાં શહેરના જીવદયા અને શ્વાનપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. ખાનગી એજન્સીને સોંપાયેલા આ કેન્દ્રમાં આશરે ૧૦૦ જેટલા શ્વાનો રાખવામાં આવ્યા છે, જ્યાં તેમને પૂરતો ખોરાક અને પીવાનું પાણી ન મળતું હોવાના આક્ષેપો થયા છે. છેલ્લા કેટલાક દિવસોથી પાણીની મોટર બંધ હોવાના કારણે





તસવીરઃ હિરેન ગાંધી

અબોલ જીવો કાળઝાળ ગરમીમાં તરસથી વ્યાકુળ બની તરફડી રહ્યા હતા. જીવદયા કાર્યકરોએ કેન્દ્ર પર જઈને ભારે વિરોધ પ્રદર્શન કર્યા બાદ તંત્ર દ્વારા તાત્કાલિક ટેન્કર મંગાવીને શ્વાનો માટે પાણીની અસ્થાયી વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ કાયમી ઉકેલ ન આવતાં મૂંગા પશુઓની પીડા યથાવત છે.

સર્જરી બાદ પોષણની જરૂરિયાત ધરાવતા આ શ્વાનોને ખોરાકમાં માત્ર પાણી ભેળવેલા ભાત અને મર્યાદિત છાશ આપવામાં આવતી હોવાથી તેમની તબિયત વધુ લથડી રહી છે. આ ઉપરાંત કેન્દ્રમાં જરૂરી પશુચિકિત્સકીય ધોરણોનું પાલન થતું ન હોવાનો પણ ગંભીર આરોપ છે. નિયમ મુજબ નિષ્ણાત પશુચિકિત્સકની સતત હાજરી અનિવાર્ય હોવા છતાં, ડોક્ટર અઠવાડિયામાં માત્ર એકાદ વાર જ આવે છે અને ઉતાવળમાં એક જ દિવસે મોટી સંખ્યામાં સર્જરીઓ પૂર્ણ કરવામાં આવે છે.

સર્જરી પછીની સારવાર, દવાઓ અને પાટા-બેન્ડેજમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી છે તેમજ કેન્દ્રમાં મૃત્યુ પામતા શ્વાનોનો કોઈ પારદર્શક રેકોર્ડ રાખવામાં આવતો નથી.

આ સાથે જ સુપ્રીમ કોર્ટ અને એનિમલ વેલફેર બોર્ડની ગાઇડલાઇન મુજબ શ્વાનને જે વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હોય ત્યાં જ પરત છોડવાના બદલે અન્ય વિસ્તારોમાં છોડી દેવાતા હોવાની ઘટનાઓ પણ સામે આવી છે, જેના કારણે સ્થાનિક શ્વાનો સાથેના ઝઘડામાં અબોલ જીવો ઇજાગ્રસ્ત કે મૃત્યુ પામે છે. આ સમગ્ર અમાનવીય વર્તનના વિરોધમાં જીવદયા પ્રેમીઓએ લાલ બંગલા સર્કલ ખાતે એકત્ર થઈને સૂત્રોચ્ચાર સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર અને પ્રાણી કલ્યાણ બોર્ડ સમક્ષ આ મામલે તટસ્થ ઉચ્ચસ્તરીય તપાસ કરાવીને દોષિત એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની અને શ્વાનોને તુરંત યોગ્ય ખોરાક, પાણી તથા તબીબી સારવાર આપવાની માંગ કરી છે.

# રાજપરામાં યુવાન પર છરી વડે હુમલોઃ ત્રણ સામે ફરિયાદ

**સમય સંદેશઃ મીઠાપુર**

મીઠાપુરના રાજપરા વિસ્તારમાં રહેતા રૂકસાનાબેન મજીદભાઈ ચાવડા નામના ૩૦ વર્ષના મહિલાના ઘરના ફળિયામાં મૂળવેલ ગામના ખેંગારભા ગભાભા માણેક નામના શખ્સએ રાત્રિના સમયે પથ્થરોના ઘા કર્યા હતા. અને ફરિયાદી રૂકસાનાબેન તથા સાહેદ મજીદભાઈ ઘરની બહાર જતા આરોપી ખેંગારભા માણેકએ પોતાના હાથમાં રહેલી છરી મજીદભાઈને મારવા માટે જતા રૂકસાનાબેન વચ્ચે પડ્યા હતા. આ ઉપરાંત અન્ય આરોપીઓ રાજેશભા ગભાભા માણેક તથા અન્ય એક અજાણ્યા શખ્સએ લાકડા વડે તેઓને બેફામ માર માર્યો હતો. આટલું જ નહીં, તેમને બચાવવા વચ્ચે પડેલા આસિફભાઈને પણ બળતણના લાકડાના બે ઘા ફટકારી દીધા હતા. આમ, એક અજાણ્યા સહિત ત્રણેય આરોપીઓએ રૂકસાનાબેન, મજીદભાઈ અને આસિફભાઈને બેફામ માર મારી, બિભત્સ ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું મીઠાપુર પોલીસમાં જાહેર થયું છે.

# ભાણવડમાં દર્શન કરવા આવેલા જામનગરના યુવાનને મારી નાખવાનીઃ મહિલા સામે ફરિયાદ

**સમય સંદેશઃ ભાણવડ**

જામનગરમાં સ્વસ્તિક એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને મૂળ ભાણવડના રહીશ એવા વિશાલભાઈ પુષ્પકાંતભાઈ શાહ નામના ૪૬ વર્ષના જૈન યુવાન ગઈકાલે ગુરુવારે જામનગરથી ભાણવડ ખાતે તેમના પરિવારજનો સાથે તેમના વડીલોપાજીર્ત મકાન ખાતે કુળદેવી માતાજીના દર્શન કરવા માટે આવ્યા હતા. આ વચ્ચે આ જ વિસ્તારમાં રહેતા મધુબેન ઝાલા નામના મહિલાએ વિશાલભાઈ તેમજ તેમના પરિવારજનોને અટકાવી અને તેમના મકાનમાં પ્રવેશ કરતા રોક્યા હતા. આટલું જ નહીં, તેણીએ બોલાચાલી કરી, બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું વિશાલભાઈ શાહની પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. જેના અનુસંધાને ભાણવડ પોલીસે બીએનએસની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com